# રાજ્યમાં વધુ ૩૮૮ નવા કેસ : અમદાવાદમાં ૨૭૫ : ગાંધીનગરમાં ૦૫

ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ


ઘરમાં રહો સુરક્ષિત રહો

# ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫૮ ૮ મે, ૨૦૨૦, શુક્રવાર; વૈશાખ વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# વિશાખાપટ્ટનમ્‌માં ઝેરી ગેસ લીક થતા ૧૧ના મોત

**આંધ્રના એલજી પોલિમર ઉદ્યોગમાંથી ગેસ લિકેજ થવાના લીધે દુર્ઘટના સર્જાઈ : વિશાખાપટ્ટનમ દુર્ઘટનામાં ૫૦૦૦ હજારથી વધુ લોકોને અસર : પરોઢીયે ૨.૩૦ કલાકે ગેસ ગળતર થયું હતું : મૃતકોમાં એક આઠ વર્ષની બાળકીનો સમાવેશ : ૪ કિલોમીટર સુધી ઝેરી ગેસ ફેલાયો : લોકો રસ્તા પર જ બેભાન થઇ ઢળી પડ્યા : ૨૦ ગામો સુધી ઝેરી ગેસની અસર થઇ : આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ હોસ્પિટલ જઇ પીડિતોની મુલાકાત કરીઃ જીવ ગુમાવનારને ૧ કરોડ અને ગંભીર રીતે ઘાયલને ૧૦ લાખ રૂપિયાની સહાય : વડાપ્રધાન મોદીએ ઘટનાની જાણ થતાં તાકિદે ડિઝાસ્ટર મેનેજમેન્ટની બેઠક યોજીને માર્ગદર્શન આપ્યુ**

વિશાખાપટ્ટનમ, તા.૭ આંધ્રપ્રદેશમાં વિશાખાપટ્ટનમ ગેસ લિક અકસ્માતમાં પ્લાન્ટમાં અચાનક સ્ટાઈરીન ગેસ લિકેજ થવાને કારણે મોટો અકસ્માત થયો હતો. વિશાખાપટ્ટનમ ગેસ લીક થવાને કારણે અત્યાર સુધીમાં ૧૧ લોકોની મોતની પુષ્ટિ કરી છે. મૃત્યુ પામેલા લોકોમાં એક ૮ વર્ષની બાળકી સામેલ છે. આ ઉપરાંત ૫૦૦૦થી વધુ લોકો બીમાર થઈ ગયા છે જેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ)ના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ હાજર હતા. આંધ્રપ્રદેશના ડીજીપી દામોદર ગૌતમ સવાંગે કહ્યું, હાલમાં ગેસ તટસ્થ કરવામાં આવ્યો છે. આશરે ૮૦૦ લોકો હોસ્પિટલમાં દાખલ છે જ્યારે ઘણાને રજા આપવામાં આવી છે. ગેસ કેવી રીતે લિક થયો તેની તપાસ કરવામાં આવશે. આ ઘટના વિશાખાપટ્ટનમના આરઆર વેંકટપુરમ ગામમાં સ્થિત એલજી પોલિમર ઉદ્યોગની છે. ડીજીપીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીએ પરિસ્થિતિનો હિસ્સો લેવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને આ મામલે તપાસના આદેશ આપ્યા હતા. તેમણે કહ્યું કે વિશાખાપટ્ટનમની કિંગ જ્યોર્જ હોસ્પિટલમાં ઓછામાં ઓછા ૨૪૬ લોકો સારવાર લઈ રહ્યા છે અને તેમાંથી ૨૦ લોકો વેન્ટિલેટર પર છે.

● અનુસંધાન પાન-૭ પર













### મોદીએ જગન મોહન રેડ્ડી સાથે વાત કરી

વડાપ્રધાન મંત્રાલયે જણાવ્યું હતું કે, પીએમ મોદીએ વિશાખાપટ્ટનમની ઘટના અંગે આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડી સાથે વાત કરી હતી. સાથે જ તેમણે તમામ મદદ અને સહયોગની ખાતરી આપી

### અમિત શાહે દુઃખ વ્યક્ત કર્યુ

ગૃહપ્રધાન અમિત શાહે ટ્વિટ કરીને કહ્યું, 'વિશાખાપટ્ટનમની ઘટના દુઃખદ છે. મેં એનડીએમએ અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ સાથે વાત કરી છે. અમે પરિસ્થિતિને સતત અને નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છીએ. હું વિશાખાપટ્ટનમના લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરું છું. '

### કેવા પ્રકારનો હતો ઝેરી ગેસ...?

જે ગેસ લીક થયો, તે પીવીસી એટલે કે સ્ટાઈરીન કહેવાય છે. આ ન્યૂરો ટોક્સિન છે. જેનો કેમિકલ ફોર્મ્યુલા C6H5CH=CH2 હોય છે. આ સૌથી લોકપ્રિય ઓર્ગેનિક સોલ્વેન્ટ બેન્જીનથી પેદા થયેલા પાણીની જેમ બનેલું રંગ વિનાનું લિક્વિડ હોય છે. આનાથી ગેસ નીકળે છે. આ શ્વાસ રુંધાવી દે તેવો ગેસ છે. આ ગેસ પોલિસ્ટાઈરીન પ્લાસ્ટિક, ફાઈબર ગ્લાસ, રબર અને પાઈપ બનાવવાના પ્લાન્ટમાં ઉપયોગમાં લેવાય છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૮૬૧૨૪૦ | ૨૬૭૦૫૪ | ૧૧૮૩૨૧૨ |
| ભારત | ૫૪૫૧૨ | ૧૮૩૩ | ૧૫૬૫૬ |
| ગુજરાત | ૭૦૧૩ | ૪૨૫ | ૧૭૦૩ |
| ગાંધીનગર | ૮૮ | ૦૬ | ૨૦ |

# ભારત 'પોક'માં કંઈક કરે એવી સંભાવના

**પોકના વિસ્તારો વિશે IMD દ્વારા માહિતી આપવાનું શરૂ : વેબસાઈટ પર ઉત્તર પશ્ચિમની માહિતી અપાશે : ગિલગિટ, બાલ્તિસ્તાન અને મુઝફ્ફરાબાદના હવામાનની આગાહી કરવાનું શરૂ કર્યું : મહાપાત્રાએ પુષ્ટી કરી**

નવી દિલ્હી, તા. ૧૧ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ હવે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના ગિલગિટ, બાલ્તિસ્તાન અને મુઝફ્ફરાબાદના હવામાનની જાણ શરૂ કરી દીધી છે. અત્યાર સુધી હવામાન વિભાગ જમ્મુ-કાશ્મીર સાથે લદ્દાખના હવામાન વિશે માહિતી આપતો હતો. આઈએમડીએ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની સાથે જમ્મુ-કાશ્મીર સબ-ડિવિઝનમાં ગિલગીટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ સહિત અહીં દૈનિક હવામાનની આગાહી કરવાનું શરૂ કર્યું છે. ગિલગીટ-બાલ્ટિસ્તાન ઉપરાંત મુઝફ્ફરાબાદ પણ પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં છે. આઈએમડીના ડાયરેક્ટર જનરલ એમ.મહાપાત્રાએ તેની પુષ્ટિ કરી છે. આઈએમડી તરફથી નવો ફેરફાર મંગળવારના દૈનિક આગાહીથી શરૂ થયો છે. જમ્મુ-કાશ્મીરના સમગ્ર વિભાગની હવામાનની આગાહી હવે તેની વેબસાઈટ પર ઉત્તર પશ્ચિમ ભારતની આગાહીમાં આપવામાં આવી રહી છે. આઈએમડીના વરિષ્ઠ અધિકારીઓએ આ ફેરફારોની પુષ્ટિ કરી છે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ૩૦ એપ્રિલના નિર્ણયમાં ત્યાંની સરકારને ગિલગીટ-બલિસ્તાનમાં ચૂંટણી યોજવાની મંજૂરી આપી હતી. આ પછી તુરંત જ ભારતે વાંધો ઉઠાવ્યો હતો કે પાકિસ્તાનનો તે ક્ષેત્ર પર અધિકાર નથી કે જેના પર બળ અને ગેરકાયદેસર કબજો છે.

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- કેરળમાં સતત બીજા દિવસે એક પણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.
- દેશમાં બીએસએફના બે જવાનો કોરોનાથી મૃત્યુ પામ્યા જયારે ૧૯૫ જવાનો કોરોનાથી સંક્રમિત થયા છે.
- બનાસકાંઠા જિલ્લામાં ફરીથી તીડના આક્રમણની શકયાઓ ઉભી થઈ છે.
- વાપી પાસે લવાછામાં શ્રમિકોએ પોલીસ પર હુમલો કર્યો જેમાં કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા છે.
- ગુજરાત-રાજસ્થાન સરહદ પર રતનપુર બોર્ડરથી આજે ૫૪૦ ગાડીઓને રાજસ્થાનમાં પ્રવેશ અપાયો હતો.
- વિદેશમાં વસતા ૧૪ હજાર ભારતીયોને આજથી ૬૪ ફલાઈટ દ્વારા સ્વદેશ લવાશે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૬૭૫૮ |
| ગુજરાત | ૭૦૧૩ |
| દિલ્હી | ૫૫૩૨ |
| તામીલનાડુ | ૫૪૦૯ |
| રાજસ્થાન | ૩૪૦૦ |
| મધ્યપ્રદેશ | ૩૧૩૮ |
| ઉત્તરપ્રદેશ | ૩૦૭૧ |
| આંધ્રપ્રદેશ | ૧૮૩૩ |

# દેશમાં ૨૪ કલાકમાં ૩૫૬૧ પોઝિટિવ કેસ અને ૮૯નાં મોત

**કોરોના સંક્રમિતોનો આંકડો ૫૩ હજારની નજીક, ૧૭૦૦થી વધુના મોત**

ન્યુ દિલ્હી,તા.૭ દેશમાં લોકકડાઉન છતાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૫૨,૦૦૦ને પાર થઈ ગઈ છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૨,૯૫૨ થઈ ગઈ છે. આ વાઈરસથી અત્યાર સુધી ૧૭૮૩થી વધુ લોકોનાં મોત થયાં છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫૬૧ કેસો નોંધાયા હતા, જ્યારે ૮૯ લોકોનાં મોત થયાં છે. રિકવરી રેટ ૨૮.૮૩ ટકા છે. અત્યાર સુધી કુલ ૧૫,૨૬૭ લોકો આ બીમારીમાંથી સ્વસ્થ થયા છે, એવી માહિતી આરોગ્ય મંત્રાલયે આપી છે. છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાનાં ૧૦ હજાર કેસ નોંધાયા છે. જે હવે સરકાર માટે ચિંતાનો વિષય બની છે.

આંધ્રપ્રદેશમાં ૫૬ નવા કેસ સામે આવતા રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૮૩૩ થઈ ગઈ છે. જ્યારે કોરોનાને કારણે કુલ મોત ૩૮ થઈ છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬ પોલીસકર્મીઓને કોરોના સંક્રમણ થયો છે. રાજ્યમાં અત્યાર સુધી સંક્રમણનાં ૧૮૭૫૮ કેસ નોંધાયા છે.

મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસના સૌથી વધુ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના ૧૬,૭૫૮ કેસો નોંધાયા છે, જ્યારે મુંબઈમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦,૦૦૦ને પાર થઈ ચૂકી છે. મુંબઈમાં આ વાઈરસના ૧૦,૭૧૪ કેસ નોંધાયા છે.

# લોકડાઉન યોગ્ય રીતે હટાવવામાં નહીં આવે તો પરિસ્થિતિ વણસી જશે : WHO

**કોરોના પર કાબુ મેળવવા દેશો ખૂબ જ સાવધાની અને યોજના અંગે નિર્ણયો લે**

જિનિવા,તા.૭ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પ્રમુખ ટેડ્રોસ અધનોમ ધેબ્રેયસસે દુનિયાના દેશોને ચેતવણી આપતા કહ્યું કે જો લોકડાઉનને યોગ્ય રીતે હટાવવામાં નહીં આવે તો પરિસ્થિતિ ખરાબ રીતે વણસી જશે. WHOના મહાનિદેશક ટેડ્રોસ અધનોમે વિશ્વને ચેતવણી આપતા કહ્યું કે મોટા ભાગના દેશોમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા જતા વ્યાપને કાબુમાં લેવા માટે લોકડાઉન પર લગાવેલા પ્રતિબંધોમાં ઢીલ મુકવા માટે વિચાર કરી રહ્યા છે. પરંતુ હું તેવા દેશોને કહેવા માગુ છું કે લોકડાઉનમાં છૂટ-છાટ આપવા વિશે ખૂબ જ સમજી વિચારીને અને સાવધાની પૂર્વક નિર્ણય લે.

બુધવારના રોજ જિનિવામાં યોજાયેલી એક ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે, જો દેશો દ્વારા સંક્રમણ પર કાબુ મેળવવા માટે ખૂબ જ સાવધાનીપૂર્વક અને યોજનાપૂર્વક નિર્ણયો લેવામાં નહીં આવે તો ફરીથી લાંબા સમય માટે લોકડાઉન લગાવવું પડી શકે છે.

WHOના છ માપદંડો પર વિચાર કરવા માટે ટેડ્રોસે તમામ દેશોને ભલામણ કરતા કહ્યું કે જો દેશો દ્વારા સંક્રમણને રોકવા માટે લેવામાં આવતા પગલાઓને ખૂબ જ સાવચેતીથી, તબક્કાવાર રીતે, પ્રત્યેક મામલામાં ટેસ્ટિંગ કરીને સરાવાર કરવી, દરેક સંપર્કને ટ્રેસ કરવા, કાર્યસ્થળોએ અને

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાની સાથે જીવવું પડશે, જૂનમાં સૌથી વધારે કેસ નોંધાશે : એમ્સ ડિરેક્ટર

**પી.પી.ઇ. કીટ, વેન્ટિલેટર અને જરૂરી તબીબી સાધનો માટેની વ્યવસ્થા કરવામાં આવી છે : ધીરે ધીરે કેસ ઘટી જશે**

નવી દિલ્હી, તા. ૭ મે મહિના શરૂ થયો ત્યારથી, કોરોના કેસોમાં જોર પકડ્યું છે. મહારાષ્ટ્ર, ગુજરાત પછી હવે દિલ્હીમાં વધી રહેલા કેસોએ લોકોની ચિંતા વધારી દીધી છે. અગાઉ એવું કહેવામાં આવતું હતું કે મે મહિનામાં, જૂન મહિનામાં, જ્યારે દેશમાં ગરમી વધવાની શરૂઆત થાય છે, ત્યારે કોરોના કેસોમાં થોડો ઘટાડો થઈ શકે છે, પરંતુ આ જેવું કંઈક હાલ દેખાતું નથી. દરમિયાન, એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે મે મહિનામાં કેસ વધી રહ્યા છે અને જૂનમાં તે ટોચ પર પહોંચી શકે છે. બધી ટિપ્પણીઓ જુઓ તમારી ટિપ્પણીઓ લખો, જોકે તેમણે એમ પણ કહ્યું હતું કે લોકડાઉનને કારણે કોવિડ -૧૯ પોઝિટિવ કેસોમાં ઘટાડો થયો છે પરંતુ હજી પણ દર્દીઓની સંખ્યા રોજિંદા વધી રહી છે. અત્યાર સુધીમાં ભારતમાં ૫૨ હજારથી વધુ લોકોને કોરોના ચેપ લાગ્યો છે. દિલ્હી સ્થિત એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે જૂન મહિનામાં કોરોના વાયરસના કેસ થવાની

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં હજુ ગંભીર દર્દીઓની સંખ્યા વધુ એક્ટિવ કેસોની સંખ્યામાં પણ સતત વધારો

**વિશ્વભરમાં મોતનો આંકડો ૨૬૫૫૮૯ : રિકવર લોકોની સંખ્યા વધીને ૧૩૧૩૨૫૨**

નવી દિલ્હી,તા.૭ સમગ્ર દુનિયામાં કોરોના વાયરસનો હાહાકાર હજુ યથાવતરીતે જારી રહ્યો છે. કોરોના વાયરસ વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૮૪૧૬૬૬ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૩૮ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૩૧૩૨૫૨ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૨૬૨૮૨૫ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૨૬૫૫૮૯ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૧૮૦૭૩ પર પહોંચી ચુકી છે. કોરોના વાયરસથી સમગ્ર દુનિયા ત્રાહિમામ પોકારી ચુકી છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે મોતના આંકડાના મામલામાં અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાંસ, બ્રિટન, બેલ્જિયમ સૌથી આગળ રહ્યા છે. આ તમામ દેશોમાં મોટી સંખ્યામાં લોકોએ કોરોના વાયરસના કારણે દમ તોડી દીધા છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે.